## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

શું સફળ બનવામાં મોડું થાય છે ?
ઘાસ તુર્ત જ,દૂધ થોડું થાય છે ?
મેઘની પાછળ ને પાછળ કુંજડી,
ને, મને પણ દોડું દોડું થાય છે !
થાય સીધાં કામ આ વરસાદમાં ?
જો,કિરણ પાણીમાં,ખોડું થાય છે !
શેરને તું,શ્લોક માફક બોલ મા,
રેડિયમ કંઇ સૂર્ય થોડું થાય છે ?

- ઉદયન ઠક્કર

### પાથેય

- રમેશ ઠક્કર

## મોડું ભલે થાય પણ મોળું ના થવું જોઈએ..!

આપણે ત્યાં કહેવત છે કે "ઉતાવળે આંબા ના પાકે" એનો અર્થ એટલો જ કે કોઈપણ ઉત્તમ ચીજ,વૈભવ કે જ્ઞાન એમ સરળતાથી મળી જતું નથી..આંબા ઉપર કેરી પાકે છે જે ફળોનો રાજા કહેવાય છે.ઝડપથી ફેલાઈ જાય એ બાવળ હોય છે..એને ના કોઈ ફળ આવે છે નથી કોઈ ફુલ બેસતાં..બાવળ એ ફકત ભૂતાવળ જેવો હોય છે..સફળતાનો રસ્તો લાંબો હોય છે..ઘાસમાંથી સીધેસીધું દૂધ બનતું નથી..એ ગાયનો ખોરાક બને એ પછી એનું અવતરણ થાય છે..એ જ દૂધ દહી બનીને વલોવાય ત્યારે માખણ બને..અને પછી બરાબર તપે એટલે ઘી બનતું હોય છે..ઘાસથી ઘી બનવું એટલું સહેલું હોતું નથી..આમછતાં ધીરજ માગતી આ પ્રક્રિયા પછી જે પ્રાપ્ત થાય છે એની મજા અનોખી હોય છે..આ મોડું થવું એ પણ મજાનું બની જાય છે.

ચોમાસું હવે ચાર વેંત છેટું છે..એના અણસારને હવામાન વિભાગ પ્રિ-મોન્સુન એક્ટિવિટી કહે છે..ચોમાસું એકલું નથી હોતું.એનું આખું પેકેજ હોય છે..કવિઓ માટે તો કલ્પનાઓના ઘોડા દોડાવવાની મેદાન બની જાય છે..મેઘની મોહજાળ પાછળ ઘેલી થઈ જતી કોઈ કુંજડી અને એનો મધુર અવાજ કવિને પણ ઉશ્કેરે છે..કુંજડી પાછળ દોડી જવાનું મન કવિને જ થાય ! વરસાદ એટલે જ બધું ઓળઘોળ..ઉપરતળે..સાન ભાન ગુમાવી દેતા વરસાદી માહોલમાં સૂરજનાં કિરણો પણ લથડિયાં ખાઈ જાય છે..એ પણ સીધાં રહી શકતાં નથી..આપણે વાતવાતમાં શેર શાયરી કરતા રહીએ છીએ એની ચમક રેડિયમ જેવી હોઈ શકે..આપણે જો સૂર્યની છટા જોવા હોય તો કોઈ શ્લોકનો વૈભવ માણવો જોઈએ.એકાદ બે પંકિતઓમાં કવિ કેટલું બધું કહી જાય છે ?

કવિતા એક અજાયબ ઘટના હોય છે..એના નાનકડા દેહમાં કેટકેટલો વૈભવ સમાયેલો હોય છે !અચરજ જોવા માટે આપણે ખાસ તાલીમ લેવી પડે કે કોઈ ગાઈડની મદદ લેવી પડે..કવિ કે સર્જક માટે વિસ્મય જોવું સહજ હોય છે..સામાન્ય લાગતી કોઈ ઘટના કે કોઈ ચીજ એના પ્રચલિત ઉઘાડ સિવાય કવિ સામે ખુલતી હોય છે..આવું એકાદું કુતુહલ જયારે શબ્દોનો મુલાયમ ગૂંથણીમાં પરોવાય છે ત્યારે એક અનોખું ભાવવિશ્વ ઉભું થતું હોય છે..માણસની આંખમાં જોઈ એને માપવાનો જેમ મહાવરો આપણને માણસપારખુ બનાવે છે એમ જ કોઈ કાવ્યની આરપાર પસાર થવાથી આપણે વિસ્મયનું વ્હાલ પામતા થઈ જઈએ છીએ..

# મોબાઈલથી માનવજાત ખતરનાક મોડ પર

**તંત્રીસ્થાનેથી...**

ટેકનોલોજી બેધારી તલવાર જેવી છે. મોબાઈલ અને કોમપ્યૂટર ક્રાંતિથી દુનિયાનો ચહેરો જ બદલાઈ ગયો છે. ઘરમાં દુનિયા સમાઈ જાય છે ત્યારે ઘર એની ઓરિજિનલ ગરિમા ગુમાવી દે છે. આજે માણસ માણસ મટીને મોબાઈલ સંચાલિત રોબોટ બની ગયો છે. હમણાં એક દર્દનાક ઘટના ઘટી છે. એક સોળ વર્ષના છોકરાએ સગી માતાની છાતીમાં ફોજી બાપની રિવોલ્વરમાંથી ગોળીઓ ધરતી દીધી અને લાશ ગંધાઈ ઊઠી ત્યારે એનો વીડિયો ઉતારી બાપને જાણ કરી કે મેં મમ્મીને મારી નાખી છે કારણ કે એ મને મોબાઈલમાં 'પબજી' ગેમ રમવા નહોતી દેતી. સગી બહેનની નજર સામે એણે માતાને રમવા મોક્ષ પમાડી દીધો અને પછી ભાઈબંધને નોતરીને ઈંડા કરી બનાવી ટેસથી પાર્ટી કરી. દુર્ગંધ ન આવે એટલા માટે બેડરૂમમાં લાંબી સોડ તાણીને સૂતેલી માના શબ પર તથા આખા ઘરમાં સુગંધિત સ્પ્રેનો છંટકાવ કર્યો. સોળ વરસની ઉંમર વિશે આપણી પરંપરાગત ઉક્તિ છે : 'સોળે સાન.' સોળ વર્ષ કોઈ નાદાન ઉંમર નથી. એ ઉંમરે તો સમજણ ઉગી જ જાય. પણ આ મોબાઈલે એ સમજણનો છેદ ઉડાડી દીધો છે અને 'પબજી' જેવી ગેમ પાછળની ઘેલછા એ હદે આવા લવરમૂછિયાં છોકરડાં પર હાવી થઈ ગઈ છે કે એ ઝનૂનમાં આવી જઈને પોતાની જ નસો પર બ્લેક ફેરવી દે છે, લટકી પડે છે, ભટકી પડે છે અને સમગ્રપણે એમનો નોર્મલ વિકાસઅટકી પડે છે. નાની ઉંમરે એ દુષ્કર્મ જેવો મોટો ગુનો કરી બેસે છે. સગી માની છાતીમાં નાની બહેનની નજર સામે ગોળીઓ ધરબી લઈ એનું કાસળ કાઢી શકે છે. કેવી ક્રૂર મનોદશા પેદા કરી શકે છે આ મોબાઈલ નામનો બ્રહ્મરાક્ષસ ! જે માતાએ નવ નવ માસ ઉદરમાં સંગોપીને જન્મ આપ્યો, છાતીમાં કુદરતે રેલાવેલાં અમિયલ દૂધ ધાવીનો ઉછેર થયો એ જ છાતીને લોહીઝાણ કરી દઈ ઊંઘતી માતાને હંમેશને માટે ઊંઘાડી દીધી. આ ઘટના પછી પણ સમાજ અને સરકારની ઊંઘ ના ઊડે તો ઈશ્વર પણ આપણને નહીં બચાવી શકે. બાળવયે મોબાઈલ નામનું રમકડું હાથવગું થઈ જતાં છોકરું એકલસૂરું થઈ જતું હોય છે. એને ખુલ્લા મેદાનમાં કે શેરીમાં દોડાદોડી કરવાનું નથી ગમતું. એ ચુપચાપ એકીટશે મોબાઈલમાં ગેમ રમીને આભાસી જીતને આનંદ માણતું રહે છે. ઊછરતી પેડી માયકાંગલી, સંવેદનહીન અને યંત્ર સંચાલિત ન બની જાય તો જ નવાઈ. કુટુંબજીવનને વેરવિખેર કરી દેનારા આ મોબાઈલ કલ્ચરનાં દૂષણોથી બચવા માટે સમયસર ગંભીર પગલાં લેવાં પડશે. સરકારે જરૂરી નિયંત્રણો મૂકી આવી એપ્સ પ્રતિબંધિત કરવી જ રહી. પોર્ન અને ખૂનામરકીવાળી એપ્સ જોઈ જોઈને તથા એવી સિરિયલો અને વેબ સિરીઝમાંથી પ્રેરણા લઈનો જઘન્ય સામૂહિક દુષ્કર્મો તથા હત્યાઓની ઘટનાઓની હારમાળા સરજાઈ છે. કાચી ઉંમરે બાળકો આત્મહત્યા કરતાં થઈ ગયા છે. આ ઘણી જ શોચનીય બાબતો છે. એના નિરાકારણ માટે જરૂરી છે. 'હેલ્ધી ફેમિલી એટ્મોસ્ફીયર.' આવા તંદુરસ્ત અને સ્વસ્થ કૌટુંબિક વાતાવરણના નિર્માણ માટે નેતાઓ, સામાજિક સંસ્થાઓ, સમાજ ચિંતકો અને ધર્મસંપ્રદાયોના સાધુ-સંતો - મહંતો ઉપરાંત તજજ્ઞ કેળવણીકારો, કલાકારો અને સૌથી વધુ તો નીવડેલાં પ્રેરણા સ્થળો જેવા કે બ્રહ્માકુમારીઝના ઉપદેશકોને સક્રિય બનાવી ઘેર ઘેર પહોંચાડવા પડશે. પ્રશ્ન ઘરને સાદ્યોપાન્ત સુધારવાનો છે. એટલે મનોરોગ ચિકિત્સકો અને માનસશાસ્ત્રીઓ સહિત શાળાના શિક્ષકગણ તથા યુનિવર્સિટીઓના વિદ્વાન પ્રોફેસરએ સાાજિક જવાબદારી સમજીને આ સમસ્યા હલ કરવા યોગદાન આપવું પડશે. નવી શિક્ષણનીતિમાં માત્ર ઈતિહાસ બદલી નાખવાથી આ સાચકલી સમસ્યાનો અંત નથી આવવો. આ એક વિકટ માનસિક સમસ્યા છે. જે જીવનનો મહિમા કરવાને બદલે મોતને આવકારે છે. છોકરું જાતે જ ગાળિયો બનાવીને લટકી પડે કે સગી મા અથવા અમેરિકાની શાળાઓમાં બનતું રહે છે એમ શિક્ષકો તથા સહાધ્યાયીઓ પર ગોળીઓ વરસાવે તે માનવજીવનને ટેકનોલોજીએ કેવા ખાતરનાક મોડ પર લાવી મૂક્યું છે એની જ પ્રતીતિ કરાવે છે.

# રુક્મિણી - તેજસ્વિની પ્રતિભા




ભીષ્મક અને શુદ્ધમતિ - વિદર્ભ રાજયના આ રાજા અને રાણી હતા. કુંડિલપુર એમનું પાટનગર. પુત્રો તો એમને પાંચ હતા. રુકમી, રુક્મરથ, રુકમબાહુ. રુકુમકેશ અને રુકમાલી. પરંતુ એમને તો દીકરીની ઝંખના હતી. ઈશ્વરે એ પૂરી પાડી. માગશર વદ આઠમે એમને પુત્રી જન્મી. એનું નામ રુક્મિણી પાડ્યું.



રુક્મિણી જાણે કે સાક્ષાત્ લક્ષ્મીનો અવતાર! જેવું દેહનું સૌંદર્ય એવું હૃદયનું સૌંદર્ય. સાહિત્ય, સંગીત અને નૃત્યમાં નિપુણ. જ્ઞાનવિજ્ઞાનમાં વિદૂષી.

ભીષ્મક ઉદાર હૃદયના હતા. મહેમાનોની આવન-જાવન ચાલુ જ હોય. જે કોઈ આવે, તે દ્વારિકાના શ્રીકૃષ્ણના વખાણ કરે. રુક્મિણીએ નિર્ણય કરી નાખ્યો 'પોતે શ્રીકૃષ્ણને જ પરણશે.' પોતાનો આ નિર્ણય એને પિતાને જણાવી દીધો.

રુક્મિણીનો સૌથી મોટો ભાઈ રુકમી. માથાભારે અને જડ. કોઈનું ન માને. પોતાનું ધાર્યું કરે. એને કોઈ અટકાવી ન શકે. એને આ નિર્ણય ન ગમ્યો. શ્રીકૃષ્ણ સાથે એને શત્રુતા હતી. એનો મિત્ર હત્તો. ચેદીરાજ શિશુપાલ. એની સાથે એણે રુક્મિણીના વિવાહ નક્કી કરી નાખ્યા. બે દિવસ પછી આ લગ્ન થવાના હતા.

પરંપરા એવી, કે કન્યાની લગ્નપત્રિકા લઈને, બ્રાહ્મને વર પાસે જાય, રુક્મણિએ પોતાના વિશઅવાસુ બ્રાહ્મણને બોલાવ્યો - સુદેવ એનું નામ. સુદેવને બધી વાત કરી. એણે પત્ર આપ્યો. એને સૂચના આપી - 'તું તાત્કાલિક ગૂચપાચ શ્રીકૃષ્ણ પાસે પહોંચી જા અને આ પત્ર આપી આવ.' સંકોચ છોડીને, આ પત્ર તમને લખવો પડ્યો છે. હું તમને મનથી વરી ચૂકી છે.

હવે આ પ્રતિવ્રતાનું તમારે રક્ષણ કરવાનું છે. પરમ દિવસે મારા શિશુપાલ સાથે લગ્ન છે. પરંતુ હું સિંહનો તમારો ભાગ છું, શિયાળ - શિશુપાલ પડાવી ન લે, એ તમારે જોવાનું છે. આવતીકાલે મારે નગરની બહાર કુળદેવી પાર્વતીને મંદિરે જવાનું છે. ત્યાં તમે આવી જાવ. મારો હાથ ગ્રહણ કરી લો.' સુદેવ પત્ર લઈને જતો રહ્યો.

બીજે દિવસે પહેલા પ્રહરમાં તો સુદેવ પાછો આવી ગયો. રુક્મિણીને સમાચાર આપી દીધા - 'નિશ્ચિત પણે શ્રીકૃષ્ણ આવી જશે.'

રુક્મણિ કુળદેવીના દર્શને આવી. દર્શન કરીને, પાછી ફરવા પગથિયા ઊતરતી હતી. છેલ્લે પગથઈયે શ્રીકૃષ્ણ રથમાં ઊભા હતા. એમણે જમણો હાથ ધર્યો. રુક્મણિએ જમણે હાથ પકડી લીધો અને રથમાં ચડી બેઠી. શ્રીકૃષ્ણે રથ પૂરપાટ દોડાવી મૂક્યો.

રુકમી, શિશુપાલ અને જરાશંઘ એમની પાછળ પડ્યા. બલરામે તેઓને અટકાવી રાખ્યા અને તગેડી મૂક્યા. પરંતુ રુકમી શ્રીકૃષ્ણના રથ સુધી પહોંચી ગયો. શ્રી કૃષ્ણે એને બરોબર હરાવ્યો. રુક્મિણી એ કહ્યું, 'મારો ભાઈ છે, મારી ન નાખતા.' શ્રીકૃષ્ણે એના દાઢીમૂછ કાપી નાખ્યા. રુક્મિણીના દુપટ્ટાથી એને બાંધીદીધો. પરંતુ બલરામે એને ઠપકો આપ્યો. 'હવે આ રુકમી આપણો સંબંધી છે, એને છોડી મૂક.' શ્રીકૃષ્ણએ એને મુક્ત કર્યો. રુકમી શરમનો માર્યો કુંડીનપુર પાછો ન ફર્યો.

દ્વારિકામાં બીજે દિવસે, રૂક્મણિના શ્રીકૃષ્ણ સાથે શુભલગ્ન થયા.

તે દિવસે તિથિ હતી - જેઠ સુધ અગિયારસ.

### દિન મહિમા

● ગાયત્રી જયંતિ



આજનું
### ઔષધ

● ડુંગળીનો રસ અને કારેલાનો રસ ભેગો પીવાથી અજીર્ણ મટે છે.

### ખડખડાટ

● હું : મેરા દિલ ભી કિતના પાગલ હે
દિલ : હા કૂતરાની જેમ છોકરી પાછળ ભાગે તું અને પાગલ મને બનાવે....

આજનો
### વોટ્સએપ

● માર્ગદર્શન સાચું હોય તો દિવાનો પ્રકાશ પણ સૂરજનું કામ કરી જાય છે.

# સબમરીનમાં રહીને દરિયાની સપાટી પરની વસ્તુઓ જોવાના યંત્રને શું કહે છે?

## વિજ્ઞાન જગત




૧ સ્ટેનલેસ સ્ટીલની બનાવટમાં લોખંડ, કોમિયમ અને ત્રીજી કઈ ધાતુ વપરાય છે?
(અ) તાંબુ (બ) નિકલ
(ક) શીશુ (ડ) જર્મેનિયમ

૨ કૃત્રિમ વરસાદ પાડવા વાદળો પર કયુ કેમિકલનો છંટકાવ કરવામાં આવે છે ?
(અ) સિલ્વર આયોડાઈડ (બ) સિલ્વર ઓકસાઈડ
(ક) સિલ્વર નાઈટ્રેટ (ડ) પોટેશિયમ આયોડાઈડ

૩ કયો ગ્રહ સૌંદર્યનો ગ્રહ ગણાય છે ?
(અ) બુધ (બ) ગુરુ
(ક) શુક્ર (ડ) શનિ

૪ ટૂથપેસ્ટ બનાવવામાં શાનો ઉપયોગ થાય છે ?
(અ) કેલ્શિયમ કલોરાઈડ (બ) સોડિયમ કલોરાઈડ
(ક) સોડિયમ હાઈડ્રોકસાઈડ (ડ) કેલ્શિયમ ફોસ્ફેટ

૫ કોને પદાર્થની ચોથી અવસ્થા કહેવામાં આવે છે ?
(અ) વાયુ સ્વરુપ (બ) ઘન સ્વરુપ
(ક) પ્રવાહી સ્વરુપ (ડ) પ્લાઝમા

૬ પાણીનું ઉત્કલન બિંદુ કેટલું છે?
(અ) ૭૦ સેલ્સિયસ (બ) ૯૮ સેલ્સિયસ
(ક) ૧૦૦ સેલ્સિયસ (ડ) ૧૦૫ સેલ્સિયસ

૭ ટાઈટન ઉપગ્રહ કયા ગ્રહનો ઉપગ્રહ છે ?
(અ) પૃથ્વી (બ) મંગળ
(ક) શનિ (ડ) ગુરુ

૮ એલ્બેટ્રોસ શું છે ? જે સૌથી મોટાંની શ્રેણીમાં આવે છે ?
(અ) સમુદ્રી કાચબો (બ) સમુદ્રી પક્ષી
(ક) વેલ માછલી (ડ) સમુદ્રતારાની એકજાત

૯ વણાંધતા રોગના દર્દી કયા રંગો ઓળખી શકતા નથી ?
(અ) લાલ અને લીલો (બ) લાલ અને પીળો
(ક) પીળો અને લીલો (ડ) વાદળી અને લાલ

૧૦ પોમોલોજી કયા વિજ્ઞાનનું એક ક્ષેત્ર છે ?
(અ) ફળોના અભ્યાસ (બ) અળસીયા વિજ્ઞાન
(ક) ભૂ વિજ્ઞાન (ડ) અવકાશ વિજ્ઞાન

૧૧ સ્ફિગ્મોમેનોમીટર શા માટે વપરાય છે ?
(અ) હૃદયના ધબકારા માપવા (બ) શ્વાસોશ્વાસ માપવા
(ક) બ્લડ પ્રેશર માપવા (ડ) લોહીની ચકાસણી માટે

૧૨ હવામાં છોડવામાં આવતાં બલૂનમાં કયો ગેસ વપરાય છે ?
(અ) હાઈડ્રોજન (બ) હીલીયમ
(ક) એમોનિયા (ડ) કલોરીન

૧૩ સબમરીનમાં રહીને દરિયાની સપાટી પરની વસ્તુઓ જોવાના યંત્રને શું કહે છે ?
(અ) કેલીડોસ્કોપ (બ) પેરિસ્કોપ
(ક) બાયનોક્યુલર (ડ) ટેલિસ્કોપ

૧૪ હાઈગ્રોમીટર શું માપવા વપરાય છે ?
(અ) તાપમાન (બ) પવનની ગતિ
(ક) હવામાં ભેજનું પ્રમાણ (ડ) વરસાદ માપવા

૧૫ કીડીના ડંખમાં કયો એસિડ હોય છે ?
(અ) સાઈટ્રીક (બ) એમીનો
(ક) સલ્ફ્યુરિક (ડ) ફોર્મિક

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ**

● ૧૦ જૂન :
- કવિ કલાપી (સૂરસિંહજી ગોહેલનું અવસાન થયું (૧૯૬૦)
- અમેરકિન સિંગર એકટ્રેસ જુડી ગારલેન્ડનો જન્મદિવસ ૧૯૨૨)
- કેનેડિયન આઈસ હોકી પ્લેયર ગોર્ડી હોવેરનું અવસાન (૨૦૧૬)
- ઈટલીના સરમુખત્યાર બેનીટો મુસોલીને બીજા વિશ્વયુદ્ધમાં ફ્રાન્સ અને ગ્રેટ બ્રિટન સામે યુદ્ધ છેડ્યું (૧૯૪૦)

● ૧૧ જૂન :
- લાલુ પ્રસાદ યાદવનો જન્મદિવસ(૧૯૪૮)
- ફ્રેન્ચના સમુદ્ર વૈજ્ઞાનિક અને એન્જી. જેક્સ કોસ્ટેયુનો જન્મદિવસ (૧૯૧૦)
- દ.આ.માં પ્રથમવાર યોજાયેલ ૧૯મા વર્લ્ડ કપ ફુટબોલ ભવ્ય ઉદઘાટન (૨૦૧૦)
- વૈજ્ઞાનિક આર્મસ્ટ્રોંગે એફ.એમ. રેડિયોનું સફળ પરિક્ષણ કર્યું (૧૯૩૫)

● ૧૨ જૂન : વિશ્વ બાળમજૂરી વિરોધી દિવસ
- બોરીસ યેલ્તસીન રશિયાના પ્રેસિડેન્ટ બન્યા (૧૯૯૧)
- ૬૦૦ વર્ષમાં પહેલીવાર ફિલીપીન્સના માઉન્ટ પીનાટુબો જવાળામુખીમાં ધડાકા થયા (૧૯૯૧)
- બર્લીનની દિવાલ તુટી, તે પ્રસંગે અમેરિકન પ્રેસીડેન્ટ રોનાલ્ડ રેગન અને સોવિયેટ લીડર ગાર્બાચોવ ઉપસ્થિત રહ્યા. (૧૯૮૭)
- અમેરિકાના મશહુર સિવિલ રાઈટ એક્ટીવીસ્ટ જોડગર એવર્સની હત્યા થઈ (૧૯૬૩)

● ૧૩ જૂન :
- મહાન દેશભક્ત વીર સાવરકરનું નિધન (૧૮૭૯)
- સાઉથ કોરિયાના પ્રેસીડેન્ટ કીમ-ડે જંગ અને નોર્થ કોરિયાના લીડર કિમ - જોંગ-૨ વચ્ચે ઐતિહાસિક મુલાકાત (૨૦૦૦)
- ૧૪ અઠવાડિયાના કોર્ટ ટ્રાયલ બાદ મશહુર અમેરિકન સિંગર માઈકલ જેકશન બાલ શોષણના દોષી ઠેરવાયા (૨૦૦૫)
- ખાલીદ ફહાદ્ સઉદી આરબના રાજા બન્યા (૧૯૮૨)

● ૧૪ જૂન : વિશ્વ રક્તદાતા દિવસ
- ચીને તેના પ્રથમ હાઈડ્રોજન બોમ્બનો વિસ્ફોટ કર્યો (૧૯૬૭)
- જર્મન ટેનિસ પ્લેયર સ્ટેફીગ્રાફનો જન્મદિવસ (૧૯૬૯)
- રશિયાએ વોસ્ટોક-૨ સ્પેશયાન લોન્ચ કર્યું. બે દિવસબાદ વોસ્ટોક-૬ પ્રથમ મહિલા અવકાશયાત્રી વેલેન્ટીના ટેરેસ્કોવા અવકાશ યાજ્ઞાએ ગયા. (૧૯૬૩)
- ચાર વર્ષના સંઘર્ષ બાદ જર્મન સૈન્ય ફ્રાન્સ પેરીસ શહેરમાં દાખલ થયું (૧૯૪૦)

● ૧૫ જુન :
- નોર્વેના મશહુર કમ્પોઝર એડવર્ડ ગ્રીંગનો જન્મદિવસ (૧૮૪૩)
- બીજા વિશ્વયુદ્ધ દરમિયાન અમેરિકાની મરીન સેનાએ સ્પેનના મારીયાના આઈસલેન્ડ પર એટેક કર્યો. (૧૯૪૪)
- પ્રયોગશલ ગુજરાતી ગઝલ - કવિતાના સર્જક શામળદાસ સોલંકી (શ્યામ સાધુ)નો જન્મદિવસ (૧૯૪૧)
- ચાર્લ્સ ગુડઈયેરે રબર વાલ્કેનાઈઝેશનના પેટર્ન મેળવ્યા (૧૮૪૪)

● ૧૬ જુન
- રાષ્ટ્રભક્ત બાબુ ચિતંરજનદાસનું નિધન (૧૯૨૫)
- કવિ સંત કબીરજીનું નિધન (૧૫૧૮)
- વેલેન્ટીના ટેરેસ્કોવા અવકાશમાં જનાર પ્રથમ મહિલા અવકાશયાત્રી (૧૯૬૩)
- અમેરિકન લેખિકા જોઈસી કેરોલ એટેસનો જન્મદિવસ (૧૯૩૮)

### ગયા સપ્તાહના સવાલનો જવાબ

દિલ્હીના કયા મંત્રીની ઈડી દ્વારા આવક કરતાં વધુ સંપત્તિના મામલે ધરપકડ કરાઈ ?

જવાબ : સત્યેન્દ્રકુમાર જૈન

### સાચા જવાબ આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત રાવલ : સે-૭ (૨) રૂચિત પટેલ : રાંદેસણ (૩) મહેશ જાદવ : રાયસણ (૪) મીત. પી પટેલ : સરગાસણ (૫) નટુભાઈ દરજી : પેથાપુર (૬) મુળજીભાઈ પરમાર : સે-૭ (૭) જયેન્દ્ર પ્રસાદ પાઠક : સે-૬ (૮) એન બી ચુડાસમા : સેકટર-૩બી

### આ સપ્તાહનો સવાલ

ભાજપના કયા મહિલા પ્રવક્તાના નિવેદનથી ખૂબ મોટો વિરોધ થયો ?

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**

**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

## 'સુવર્ણજયંતિ વર્ષના શુભારંભે 'શિવરંજની' આયોજિત પ્રથમ સોનાની લગડી જેવો મૂલ્યવાન કાર્યક્રમ : મન મોર બની થનગાટ કરે' ફેઈમ ઓસ્માન મીરને સાંભળવા એક લહાવો બની રહ્યો




કપરા કોરોના કાળમાં અંદાજે બે વર્ષથી થંભી ગયેલી 'લાઈવ' મનોરંજન કાર્યક્રમો હવે ફરી શરૂ થયા છે. કહોને કે નગરમાં કલા પ્રેમીઓની કલાપિપાસાને સંતોષવા વિવિધ કલાપ્રવૃત્તિઓની 'મૌસમ' હળવે હળવે ખીલી રહી છે !

'ગાંધીનગર કલ્ચરલ ફોરમે' એનો આઈકોનિક 'ગ્રિષ્મોત્સવ' ઉજવ્યો અને બોલીવુડના વિખ્યાત સિંગર્સ કૈલાસ ખરે, પાર્થિક ગોહિલ તથા નંબર વન મ્યુઝિક એરેન્જર્સ બોલીવુડના 'ઢોલી કિંગ' કહેવાતા હનીફ - અસલમ બેન્ડના ગીત-સંગીતના સથવારે પ્રેક્ષકોને ડોલાવ્યા...

તો નગરની અન્ય કલાસંસ્થા 'સંસ્મૃતિ'એ પ્રામાણિકપણે એના વર્ષ ૨૦૧૯-૨૦ના બાકી રહી ગયેલા કાર્યક્રમ પેટે જાણીતા હાસ્ય કલાકાર શ્રી જગદીશ ત્રિવેદીનો 'હાસ્ય દરબાર' યોજી પોતાના મેમ્બર્સને 'પૈસા વસુલ' નો સંતોષ આપી નવા વર્ષની શુભ શરુઆતના એંધાણ આપ્યાં છે.

અને હવે નગરની સૌથી જૂની તથા ગીત-સંગીતના જનત - સંવર્ધનને વરેલી એકમાત્ર સંસ્થા 'શિવરંજની' એ પણ એના 'સુવર્ણજયંતિ' વર્ષના શુભારંભે આજના ટોચના, ખુબ જ લોકપ્રિય, ગુજરાતનું ગૌરવ અને 'મન મોર બની થનગાટ કરે' ફેઈમ ગાયક શ્રી ઓસ્માન મીરનો કાર્યક્રમ પ્રસ્તુત કરીને ગાંધીનગરના સંગીતરસિયાઓને 'મોજે દરિયા'ની ભવ્ય ભેટ આપી ન કેવળ ખુશ કર્યા છે. પરંતુ ૫૦ વર્ષથી શિષ્ટ સંગીતનો જ કાર્યક્રમો કરતાં કરતાં, લાંબી સફળ - સૂરીલી સંગીતમય યાત્રા કરનાર સંસ્થા એના આ 'ગોલ્ડ જ્યુબિલી ઈયર'માં હજી પણ કેવા જોરદાર અને યાદગાર કલકારો - કાર્યક્રમો પ્રસ્તુત કરવા ધારે છે એની એક પ્રભાવી ઝલક પણ આપી દીધી છે, એમ જરૂર કહી શકાય.

શિવરંજની ગાંધીનગર દ્વારા ગુજરાત સંગીત નાટ્ય અકાદમીની સહાયથી યોજાયેલ તા.૪થી મેના આ કાર્યક્રમમાં ઓસ્માનભાઈએ લોકસંગીત, લોકગીતો, ભજનો, ગઝલ, ફિલ્મી ગીતો, દેશભક્તિની રચનાઓ એમ વૈવિધ્યપૂર્ણ પ્રસ્તુતિ દ્વારા 'ડાયરા'થી લઈને 'હિંદી ફિલ્મી ગીતો ઓરકેસ્ટ્રા' ના શોખીનો - સૌને હિલ્લોળે ચઢાવ્યા હતા, અને પોતાની ગાયિકીની કમાલથી સંગીતપ્રેમીઓને રીતસરના ઘેલા કરી દીધા હતા.

'યા દેવી સર્વભૂતેષુ મા... શક્તિરૂપેણ, વાણી રૂપેણ, કરુણા રુપેણ સંસ્થિતા....' એ આદ્યશક્તિની સ્તુતિવંદના સાથે પ્રોગ્રામનો મંગળ પ્રારંભ કર્યો અને આ સ્તુતિ તેમજ પછીની, અવિનાશભાઈ વ્યાસના શબ્દોને સંગીતે મઢી સુપ્રસિદ્ધ ગુજરાતી ભક્તિ રચના 'મારી તારું કંકુ ખર્યું ને સૂરજ ઊગ્યો, જગ માથે જાણે પ્રભુતાએ પગ મૂક્યો....' ને અતિ કર્ણપ્રિય 'કલાસિકલ ટચ' આપીને જે રીતે પ્રસ્તુત કર્યા. એ સાંભળીને સૌને ખાતરી થઈ ગઈ કે આ સુંદર જેની શરૂઆત છે ને આખરે ય કાર્યક્રમ ધીરે ધીરે જબરજસ્ત 'હાઈટ' પર પહોંચશે ને જલસો પડી જશે એ નક્કી. ભક્તિસંગીતના દૌરમાં તરતજ 'ધૂણી રે ધખાવી, બેલી, અમે તારા નામની, અમે તારા નામની ને અલખના ધામની....' એવા જ શાસ્ત્રીય સંગીતના અંદાજમાં ઓસ્માનભાઈએ રજૂ કરી હતી.

પછી તો 'પૂર્વ જન્મથી પ્રીત અમારી, વહાલાને કેમ વિસરું ?' હોય કે 'એક રાધા એક મીરાં.... દોનોંને શ્યામ કો ચાહા, અંતર કયા દોનોં કી ચાહત મેં બોલો....' એક પ્રેમ દિવાની, એક દર્દ દિવાની...' હોય, કૈલાસ ખેર ફેઈલ સૂફી ગીત 'દિવાની ... તેરી દિવાની...' પ્રીત કી લત મોંહે ઐસી લાગી, હો ગઈ મેં મતવારી....' મોંહે સુધબુધ ના રહી તનમનકી, એ તો જાને દુનિયા સારી...' હોય, આ ઊંચા ગજાના કલાકારો એમના બુલંદ સ્વરમાં, આલાપ-તાનપલ્ટા સાથે પેશ કરીને પ્રેક્ષકોની ભારે દાદ મેળવી હતી....

અને 'શિવરંજની'ના સુજ્ઞ - સંગીત મર્મજ્ઞ સભ્યોની હોંશ ભરી દાદનો ડબલ હોશ ને જોશભેર પ્રતિઘોષ પાડતા હોય એમ ઓસ્માનભાઈએ ધમાકેદાર ગીતોની રસલ્હાણ કરવા માંડી હતી.

ગઝલની ફરમાઈશ પર એમણે પોતાની લોકપ્રિય ગઝલ 'હૈ જિંદગી' કિતની ખૂબસુરત, ઈન્હેં અભી યહ પતા નહીં હૈ.... કોઈ બહોત પ્યાર કરનેવાલા ઈન્હેં અભી તક મિલાં નહીં હૈ....' તથા ગુલામઅલી સાહેબની પ્રસિદ્ધ ગઝલ 'હવ તેરે શહર મેં આયે હૈં મુસાફરિ કી તરહ, સિર્ફ ઈક બાર મુલાકાત કા મૌકા દે દે....' તથા ગુજરાતી ગઝલ 'પૂછો તો જરા... ઘાયલને શું થાય છે... આંખ મિલાવી આંખ શરમાય છે... પૂછો તો ' જરા... ઘાયલને શું થાય છે ?

સંભળાવીને ગઝલ રસિયાઓને રાજી કરી દીધા હતા.

પ્રેક્ષકોએ કહ્યું કે 'ક્વ્વાલી' તો બુલંદ અવાજ ને ગજબનાક 'રેઈન્જ' ના સ્વર સમ્રાટે તરત જ રજૂ કરી કવ્વાલી : 'આજ જવાની પર ઈતરાને વાલે, ઈક દિન દોખા ખાયેગા, ચઢતા સૂરજ ધીરે ધીરે, ઢલતા હૈ ઢલ જાયેગા...'

જિંદગીની ક્ષણભંગુરતા અને જીવનની ફિલસુફી સમજાવતી, ઊંડા અર્થસભર આ કવ્વાલીને સૌએ ભરપૂર માણી...

'ચિટ્ઠી ના કોઈ સંદેશ... જાને વો કૌન સા દેશ, જહાં તુમ ચલે ગયે...' (જગજીતસિંઘ), 'આઓગે જબ તુમ સાજના, અંગના ફૂલ ખીલેંગે....' તથા 'બહોત યાદ કરતે હૈં, તુમ કો સનમ' અને કલાકારોનો પ્રાણ

અનુસંધાન પાના નં. ૭ પર